## -: તરબીયતે ઔલાદમાં બૈરો અને ઈલ્મનો કિરદાર :-

સમાજ અને મઆશેરાને પાકો-સાફ અને મુનઝ્ઝમ રાખવામાં જેટલો કિરદાર મરદોનો છે એટલો જ હિસ્સો બૈરોનો પણ છે. અલ્લાહતઆલા એ મરદોમાં તે તમામ સુલાહીયતો અને ખૂબીઓ બખ્શેલી છે, જેનાથી તે દુન્યવી વહેવાર અને વેપારને સંભાલે છે, બૈરોની ફિતરત અને પૈદાઇશમાં તે તમામ આવડત, હુશિયારી અને પહોંચ હોય છે, જેનાથી તે પોતાના કુટુંબ-કબીલા-કુંબા અને ઔલાદને એક જથ્થામાં રાખી શકે છે. ઔલાદને તહઝીબ, તરબીયત, પરવરિશ, તાઅલીમ, તસ્લીમ અને આદાબો-ઈકરામના સાઁચામાં ઢાલી શકે છે. મરદો, બૈરો કરતા હર લેહાઝ અને તમીઝથી બરતર અને બેહતર છે. અલ્લાહતઆલા હર નૌમૌલૂદ બચ્ચાને ઈસ્લામી ફિતરત પર પૈદા કરે છે પછી તે તેના માઁ-બાપની પરવરિશ, તરબીયતો તાઅલીમ હોય છે, જે તેને નસરાની કે યહૂદી બનાવે છે. ***સોસાયટી અને સમાજને ઇમાની મહેક, ઇસ્લામી તાઅલીમ અને કુરઆની અહકામનો લિબાસ પહેરાવવામાં તેમજ ઘરમાં દીની માહૌલ ઉભો કરવા વાસ્તે પહેલામાં પહેલા અને કાબિલમાં કાબિલ બૈરો જ છે.*** બૈરો જ તેની ઔલાદની પહેલી મુઅલ્લિમ અને ઉસ્તાઝ છે. મદ્રસા અને પ્લે સ્કૂલોની ડગર પર બચ્ચાના કદમને મુકાવતા પહેલા તેની માઁ જ તેને બોલતા શીખાવે છે. અને બચ્ચું તેના વાલેદૈનની બોલચાલ, ચાલઢાલ, રફતાર-ગુફતાર અને આદતોને બારીક નઝરથી જોઇ છે, પછી તે ખરૂં હોય કે ખોટું, બચ્ચું ફૌરન એની નકલ કરવાની કોશિશ કરે છે.

આજના મોડર્ન ઝમાનામાં ઝિંદગીના અકદાર (Values), તૌર-તરીકા, તમીઝ, પરહેઝગારી-દીનદારી-દિયાનતદારીના સમીકરણો બદલાઇ ગયા છે. મદ્રસાની ઝરૂરી કુરઆની-દીની-મઝહબી તાઅલીમ તમામ થઇ ગયા બાદ બચ્ચું સ્કૂલના આઅલા ધોરણ-Higher Standards માં જાય છે તે બાદ તેના સોચવાના તરીકા અને વિચાર કરવાના સલીકામાં ઘણી તબદીલી વાકેઅ થાય છે. હર અમરમાં, હર અમલ-ફેઅલમાં, હર રવૈયા અને વહેવારમાં, હર અકીદા અને રસમની હકીકતોની બારીક માઅલૂમાત હાસિલ કરવાની ઈસ્તેતાઅત, કુવત અને Curiosity વધતી જાય છે. આ નાઝુક મોડ પર જો અગર તેની ખૂબીથી રાહનુમાઇ અને હિદાયતનુમાઇ કરવામાં ન આવે, તેના બેકરાર દિલને તસલ્લી ન થાય એવા ખુલાસાઓ કરવામાં ન આવે, તેના સવાલાતના હલ વાસ્તે આસાન અને માઅકૂલ જવાબો આપવામાં ન આવે, તેની હુસૂલે ઈલ્મની પ્યાસને બુઝાવવામાં ન આવે તો બેશક તેને પોતાના ઈલ્મ અને જાણકારીમાં ઓછપ અને કમી મેહસૂસ થાય છે અને જો આ મૌકા પર તેને ગૈર મઝહબની, ગૈર જમાઅતની યા ગૈર અકીદાની વાતો અને કિતાબો હાથ લાગી જાય, તો શાયદ તેની અકલ અને સમઝ મુજબ તે ગૈર ચીઝોમાંથી તેના બાઝ સવાલોના હલ તેને મીલી જાય છે અને બેખબરીમાં તેને જ હકીકત અને સાચું માની લે છે, અને તેના પર અમલ દરઆમદ કરતો થઇ જાય છે. નતીજતન જે અપના શીઆ-ઈસ્માઈલી-તૈયબી અકીદાઓના આઅમાલ હોય છે તેથી તે બરખિલાફ અમલ કરે છે અને જે તે કરી ગુઝરે છે તેને જ તે બરાબર-બરહક્ક માની લે છે. આ મૌકા પર વાલેદૈનની નઝરો નિગાહ અગર પોતાની ઔલાદ જે કિતાબો-સાહિત્ય-લીટરેચર પઢે છે તે પર નથી રહેતી, તો જે લીટરેચર તેને આસાનીથી મીલી જાય છે; અને જે અકસર કરીને એવા લોગોના ખયાલાત, અકીદાઓ અને રિવાયતોથી ભરેલું હોય છે, કે જેને અહલે બૈત (અ.સ.) સાથે દૂરનો પણ સરોકાર હોતો નથી; તો ઔલાદ શક-શુબેહના દલદલમાં ફસાઇ જાય છે.

અપના અકીદા મુજબ જે કિતાબોમાં અહલે બૈત (અ.સ.) અને તે બાદ અઈમ્મતે તાહેરીન (અ.સ.) ની રિવાયતો અને સનદોથી સાબિત થયેલ અકવાલ (કથનો) મૌજૂદ હોય અને બિલઆખિર રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હદીસોની રોશનીમાં અને કુરઆને કરીમની આયાતે શરીફાના માઅના-મતલબના માતહત જે ખરૂં ઉતરતું હોય, તે જ ઈલ્મ સાચું, અસલી અને એઅતેકાદને લાયક છે. બાઝારોમાં મીલતી મુખ્તલિફ ઈસ્લામી વિષયો અને મઝામીનોની કિતાબોની ચમક-દમક, ઉમદા બાઇન્ડીંગ અને પ્રિન્ટીંગથી અપની કૌમના અકસર લોગો છેતરાય જાય છે અને જે ચીઝ અકલની કસૌટી પર ખરી ઉતરતી ન હોય તેવી મનઘડત-ગલત રિવાયતોની માઅલૂમાતને પોતાના રોઝમર્રા આઅમાલનો તરીકો બનાવી લે છે. આ કિતાબો સાથે સાથે Computer age ના આ દૌરમાં ઘણી ઈસ્લામી વેબસાઇટો જોવા મીલે છે. જે હુકમ કરો તે Computer Screen પર આવી જાય છે. દુનિયા ભરના સુન્ની અને શીઆ જમાઅતના આલિમો મુફસ્સિરોની કુરઆનની તફસીર વેબસાઇટ અને CD માં મૌજૂદ છે અને બાઝારમાં આસાનીથી દસ્તયાબ થાય છે. ચૌરે ચૌટે એવી લાઇબ્રેરીઓ જોવા મીલે છે જહાઁ મઝહબી માઅલૂમાત પીરસતી CD મીલે છે. કુરઆની આયાતની માઅના અને તફસીર દુનિયાની બેશુમાર ઝબાનોમાં એક બટનના દબાવવાથી નઝર સામે આવી જાય છે. **પણ શું આ બધી ચીઝ હકીકતન રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના અહલે બૈત (અ.સ.) અને આપની આલે અત્હર તથા દાઅવતના દુઆતે કિરામથી હમને જે કુરઆની તાઅલીમાત અને ઇલ્મ હાસિલ થયેલું છે એ સાથે કોઇ વાબિસ્તગી અને હમઆહંગી રાખે છે ?**

અરબી ઝબાન જાનનારા, પઢનારા અને માઅના કરનારા દુનિયામાં હઝારો આલિમો પડેલા છે, પણ જો તમામ અરબીદાન આલિમો કુરઆની માઅના-મતલબ કરવાની આવડતને તેની ઈલ્મી તાકત-લિયાકત સમઝી બેસે તો હઝારો તફસીરો ની જિલ્દો અને CD થી બાઝારો ઉભરાય જાય. મશહૂર અને માઅરૂફ આલિમોની તફસીરોમાં પણ તફતીશ અને તહકીક કરવાની ઝરૂરત છે કે, જે તે તફસીર કરે છે તેની રિવાયત કરનાર રાવીએ અહલેબૈતે રસૂલ (સ.અ.વ.વ.) ના કૌલને નકલ કરીને માઅના કરેલી છે કે પોતાની મનફાવતી વાતો કહી નાંખેલી છે યા કે ૫-૬ તફસીરોને ભેગી કરીને વચ્ચેનો રસ્તો નીકાલીને જે અકલ-સમઝને કાબિલે કુબૂલ હોય તે અપનાવીને તફસીરોની જિલ્દો બનાવી નાંખી છે. **યહાઁ એ વાત ઝહેન નશીં રહે કે રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ની ૨૩ વરસની રિસાલતની મુદ્દતમાં મૌલાના અલી (અ.સ.) જ આપના તમામ અસ્હાબમાંથી આપને સાથે રહ્યા હતા, તેથી કુરઆની સુરતોના શાને નુઝૂલ, મકામે નુઝૂલ અને તરતીબે નુઝૂલથી આપ બિલકુલ બાખબર અને આગાહ હતા.** અને આ તમામ નબવી ઈલ્મ સીના દર સીના આપની ઔલાદે અત્હર-આલે અન્વરમાં નકલ થાતું ગયું. એ કહેવત તો સહીહ જ છે કે ઘરના લોગો જ જાણે કે ઘરમાં શું છે. હકીકતમાં જે ઈલ્મ રસૂલે અકરમ (સ.અ.વ.વ.) પાસે હતું તેના અહલેબૈત જ વારિસ છે, જેઓ આપના ઘરમાં રહેતા હતા. અને મદીનતુલ ઈલ્મ (ઈલ્મના શહેર) માંથી ઈલ્મ લેવું હોય તો બાબુલ મદીના (શહેરના દરવાઝા) થી જ જવું સાઝવાર અને મુનાસિબ છે. દરવાઝાથી દાખિલ થયા બગૈર ઈલ્મને લેવું તે ચોરી, ખયાનત અને બેઅદબી છે. જો કોઇ આ મુજબની ચોરી કરે તો પછી હક્કનું સાચું અને સચોટ ઈલ્મ કહાઁથી હાસિલ થાય !

ઉગતું બચ્ચું ઈલ્મને હાસિલ કરવાની હોંશ અને પ્યાસમાં જલ્દી ગરદાની લે છે. આજના બચ્ચાઓ હર મરહલા અને મૌકા પર સવાલો કરે છે, તેના તસલ્લી બખ્શ જવાબો જો માઁ-બાવાજી આપી દે તો બચ્ચાઓને ઈલ્મના હુસૂલની તડપ અને શૌક મઝીદ થાય છે અને સહીહ વકતસર જવાબ મીલતા તેના દિલમાં ખુદની અને વાલેદૈનની ઝાત પર ઉબૂર અને એઅતેમાદ વધે છે. તેનો Reasoning Power, સવાલાતનો દાએરો વસીઅ થાય છે અને તેના દોસ્તો-હમજોલીઓમાં સવાલ-જવાબની ગુફતગુ થાય છે. તેથી વાલેદૈનને પણ બચ્ચાઓની ઝહનીયત (Psychological & Intellectual Level) થી ખબરદાર રહેવું જોઇએ. દાઅવતની ઝબાન તથા ઉર્દૂ અને ગુજરાતીમાં છપાતા અખ્બારો મૌકાસર પઢવા જોઇએ. રોઝિન્દા અખ્બારોમાં આજકાલ ઘણી કોલમો હોય છે જે બચ્ચાઓના IQ માં ઇઝાફો કરનારા Articles હોય છે અને હફતાવાર લેખોમાં પણ સાયન્સને લગતી માહિતીઓ પીરસવામાં આવે છે.

આ તો ઈલ્મ હાસિલ કરવાના સીધા અને આડકતરા રસ્તાઓની વાત હતી, **પણ વાલેદૈનને એ પણ જાણવું લાઝિમ છે કે તેમના બચ્ચાઓ કયું લિટરેચર વાઁચે છે, કોણ તેને આપે છે, કોની સોહબત તે રાખે છે.** કેમકે સોહબત અને દોસ્તીની છાપ બચ્ચાઓ પર ઝિયાદહ હોય છે. અપના ઈસ્માઈલી-તૈયબી અકીદાના દુશ્મનો હિદાયતના ખોટા નામથી એવા ગુમ્રાહીના ચોપાનિઓ કાઢે છે અને એવા બેતૂકા અને બેહૂદા સવાલો કરે છે જેના જવાબ વાસ્તે આમ લોગોનું ઝહેન સુલાહીયત રાખતું નથી. એવા નામાઅકૂલ સવાલોના રદીયા વાસ્તે એક આમ મુમિન દલીલો પેશ કરી શકતો નથી, તેથી એવી સૂરતમાં અપના મુમેનીન ઉલઝન અને શુબેહમાં મુકાઇ જાય છે. મગર પલ ભરમાં આવા ફિસાદકૂન સવાલોના આસાન જવાબ દાઅવતના કિતાબોથી દસ્તયાબ થઇ શકે છે. અકીદાના ખરાબ લોગો હર વકત શૈતાની શિકલમાં આવી ચાલ ચાલે છે અને બેહકાવવાની જાલ ફેંકે છે જેમાં મુમેનીનને આવવું જોઇએ નહીં, અને આવી ઉલઝનોને સાહબે દાઅવત પર છોડી દેવી જોઇએ કે જેનો હલ હસ્બે ઝરૂરત અને હસ્બે વકત મુમેનીનને બતાવે, જેમાં દાઅવતનો કુલ્લી ઈખ્તિયાર છે. ★